## મે. સુરતના આઠમાં અધીક સીવિલ જજ અને જ્યુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં

ફોજદારી કેસ નં. **CC/24566/2019**

આંક : ૪

ફરીયાદી : સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી :

### <u>ગુન્હો : આઈ.પી.સી. કલમ ૨૮૩ મુજબનો</u>

### –:: <u>ચુકાદો</u> ::–

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવના સ્થળે અને સમયે સરીયામ માર્ગમા કોઈ વ્યક્તિ માટે ભય અને અંતરાય ઉભો થાય તે રીતે પોતાનું વાહન ભયજનક સ્થિતીમા મુકી ઈ.પી.કોડની કલમ– ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે.

૨) આરોપી અત્રેની કોર્ટમા હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનું જાહેર કરી આંક –૨ થી પુરસીસ રજુ કરેલ, જે સંદર્ભે આંક–૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા બાબતે પુછતા જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોક્ત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજા જોગવાઈ જોતા ન્યાયના હીતમા આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરૂ છું.

### –::<u>હુકમ</u> ::–

આ કામના આરોપીને ક્રિ. પ્રોસી. કોડની કલમ – ૨૫૨ મુજબની ઈ.પી.કોડની કલમ – ૨૮૩ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામા આવે છે અને આરોપીને રૂ. ૧૦૦/– પુરાનો દંડ કરવામા આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન – ૧ ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવે છે.

(એમ.એચ.વાઘેલા)
૮માં અધિક સીવિલ જજ અને
જ્યુડી. મેજી. ફ. ક., સુરત